ગાંધીનગર સમાચાર

**ઘ-૬ રહેણાંક વિસ્તારમાં વાઈફાઈ ટાવર સામે ભારે આક્રોશ**

# વિધાનસભા સંકુલનું ૧૨૦ કરોડના ખર્ચે નવીનીકરણ

**૧૫મી ડિસેમ્બરથી નવિનીકરણનો આરંભ થશે : એક વર્ષમાં જ સમગ્ર સંકુલનો લૂક બદલી નખાશે**





ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત વિધાનસભા સંકુલનું રૂ. ૧૨૦ કરોડના ખર્ચે નવીનીકરણ કરવાનો સરકારે નિર્ણય કર્યો છે અને આ નવીનીકરણની કામગીરીનો ૧૫મી ડિસેમ્બરથી આરંભ કરવામાં આવશે.

નવીનીકરણની કામગીરીના પ્રારંભે વિધાનસભા સચિવાલય દ્વારા એક વિશેષ સમારોહનું પણ આયોજન માર્ગ-મકાન વિભાગ સાથે સંકલનમાં રહી આયોજન કરવામાં આવ્યું છે. આ નવીનીકરણના કામોનો આરંભ રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે કરાશે. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, મહેસુલ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા તેમજ ઉપાધ્યક્ષ અને વર્તમાન

● અનુસંધાન પાન-૭ પર

## પંદરમી વિધાનસભામાં સભ્ય સંખ્યા વધીને ૨૨૦ થશે

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત વિધાનસભા સંકુલના નવીનીકરણની સાથે સાથે વિધાનસભા ગૃહમાં સભ્યો જે હાલ બેસે છે તેની બેઠક ક્ષમતા વધારીને ૨૨૦ કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

વિધાનસભાના મત વિસ્તારોનું પુનઃ ગઠન ૨૦૨૦માં થવાનુ છે અને તે પુનઃગઠનની પ્રક્રિયાને ધ્યાને રાખી આ બેઠક વ્યવસ્થામાં ફેરફાર કરાશે. હાલ ગૃહમાં ૧૮૨ સભ્યોની બેઠક ક્ષમતા છે.

● અનુસંધાન પાન-૭ પર

# વીમા પોલીસીના બહાને ૧.૧૦ કરોડની ચીટીંગ કરનાર ગેંગ ઝબ્બે

**એલસીબીએ ટ્રેપ ગોઠવીને ઉત્તરપ્રદેશની ગેંગને ગાંધીનગર બોલાવીને દબોચી : ચારની ધરપકડ : મુખ્ય સૂત્રધાર હજુ ફરાર**

ગાંધીનગર, તા. ૧૩

ન્યુ ગાંધીનગર ઊર્જાનગર વિસ્તારમાં રહેતા નિવૃત્ત ચીફ એન્જીનીયરને વીમા પોલીસીના બહાને વિશ્વાસમાં લઈ રૂ. ૧.૧૦ કરોડની છેતરપીંડી ઉત્તરપ્રદેશની ગેંગે આચરી લીધી હતી. આ મામલે ઈન્ફોસીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા પામી હતી. ગાંધીનગર એલસીબીની ટીમે આજે રૂપિયાની લાલચ નિવૃત્ત ચીફ એન્જીનીયરની મદદથી ગેંગના માણસોને આપીને ટ્રેપ ગોઠવી ગાંધીનગર બોલાવીને ગેંગને દબોચી લીધી હતી. ચાર શખ્સોની ધરપકડ કરી લઈ મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.



વિમા પોલીસીના બહાને રૂ. ૧,૧૦,૦૮,૧૯૮ની છેતરપીંડી ઊર્જાનગર ખાતે રહેતા નિવૃત્ત ચીફ એન્જીનીયર પ્રવિણભાઈ વાઝા સાથે થઈ હતી. આ મામલે નોંધાયેલી ફરિયાદ આધારે ગાંધીનગર એલસીબી પી.આઈ. પરાગ ચૌહાણે તપાસ શરૂ કરી ફરિયાદી પ્રવિણભાઈ પાસે ચીટર ગેંગને ફોન કરાવ્યો હતો. વધુ રૂ.૩.૩૨ લાખ ઈન્વેસ્ટ કરવાનુ કહીને ગાંધીનગર રાંદેસણ પાસે યુનિક મોલ નજીક ઉત્તરપ્રદેશની ગેંગને બોલાવીને ટ્રેપ ગોઠવી ત્રણ શખ્સોને પકડવામાં આવ્યા હતા. એલસીબીએ ઉત્તરપ્રદેશના નોઈડાના હસીનખાન બુદ્ધુખાન ખાન, કાસગંજ

● અનુસંધાન પાન-૭ પર

# મિલ્કતવેરાની વસુલીમાં મનપાની વિક્રમી વસુલાત

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગરપાલિકાએ મિલ્કતવેરાની વસુલી પેટે રૂ. ૨૨ કરોડની વિક્રમી આવક મેળવી અનેરી સિદ્ધિ મેળવી છે. જોકે ૩૦ કરોડની આવકનો લક્ષ્યાંક હતો.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સરકારી મિલ્કતો તેમજ સરકારી મકાનોના મિલ્કતવેરાની વસુલી બાકી છે. થોડીક ખાનગી મિલ્કતોના વેરાની વસુલી પણ બાકી નીકળે છે.

મળતી વિગતો પ્રમાણે ખાનગી મિલ્કતોની જે વસુલી બાકી બોલે છે તેમાં હવે પછી વસુલી કરવા અંગેની કાર્યવાહી માટેની વ્યુહરચના તૈયાર કરવામાં આવી રહી છે અને એકાદ સપ્તાહમાં તેને આખરી ઓપ આપી વસુલીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# ઘ-૬ રહેણાંક વિસ્તારમાં વાઈફાઈ ટાવર સામે ભારે આક્રોશ

**તંત્ર દ્વારા યોગ્ય સર્વે કે અભ્યાસ વિના જ વાઈફાઈ ટાવર માટે જગ્યા ફાળવી દેવાય છે : સે-૨૯ માં તોતિંગ ચાર ટાવર ઉભા કરવાની કામગીરી સામે તંત્ર અને સ્થાનિક નેતાઓને રજુઆત : કામ અટકાવી દેવા રજુઆત : જોખમી ટાવરથી બાળકો સહીત સ્થાનિકોના આરોગ્ય સામે જોખમ : રહીશો**

ગાંધીનગર તા ૧૩

શહેરમાં ઘ-૬ કોર્નર પાસે સ્થિત સે-૨૯માં વાઈફાઈ ટાવર ઉભા કરવાની હરકત સામે સ્થાનિક રહીશોમાં ભારોભાર રોષની લાગણી વ્યાપી છે. સે-૨૯ માં પ્લોટનં ૩૦૯ થી ૩૧૪ વચ્ચેની જગ્યામાં વાઈફાઈના તોતિંગ ચાર ટાવર ખડા કરવાની કામગીરી શરૂ થતા સ્થાનિક રહીશો દ્વારા ઉગ્ર વિરોધ સાથે સ્થાનિક ધારાસભ્ય સહિત તંત્રના જવાબદાર અધિકારીઓ સમક્ષ રજુઆત કરવામાં આવી છે.

તંત્ર દ્વારા પણ સર્વે કર્યા વગર આમ નાગરિકોનો વિચાર કર્યા સિવાય આડેધડ ટાવર નાંખવા માટે જગ્યા ફાળવી દેવાતા સ્થાનિક રહીશો માથે આફત આવી પડી હોવાની લાગણી પ્રબળ બની છે. જોખમી ટાવરના લીધે બાળકો સહીત સ્થાનિકોના આરોગ્ય પર વિપરિત અસર થશે તેવા આક્રોશ સાથે આ કામગીરી ત્વરિત અસરથી બંધ કરી દેવા માટે પણ જણાંવાયુ છે. જોખમી ટાવર બનાવાની કામગીરી તાત્કાલિક અટકાવી નહીં દેવાય તો આગ બબુલા બનેલા સ્થાનિક રહીશો દ્વારા ઉગ્ર લડતના મંડાણ કરાશે તેવી પણ ચિમકી આપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર








## સ્વાઈપ મશીન વેચાણ પર વેરા મુક્તિ અપાશે

અમદાવાદ, તા.૧૩

નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશમાં મહત્વના આર્થિક સુધારાના ભાગરૂપે કેશલેસ વ્યવહારોને પ્રોત્સાહન આપવા માટે અનેકવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. રાજયમાં હાલમાં પોઈન્ટ ઓફ સેલ સ્વાઈપ મશીન હેઠળના વ્યવહારોમાં ભાડાની આવક ઉપર અને મશીનના વેચાણ પર ૧૨.૫ તેમજ ૨.૫ ટકા વેરો લેવામાં આવે છે. કેશલેસ વ્યવહારો અંગેના મહત્વના આર્થિક સુધારામાં ગુજરાત રાજય પણ જોડાય અને કેશલેસ વ્યવહારોને પ્રોત્સાહન મળે તે માટે પોઈન્ટ ઓફ સેલ સ્વાઈપ મશીનના વેચાણ અથવા તેના રાઈટ ટુ યુઝના વેચાણો પર વેરામુક્તિ આપવાનો રાજય સરકાર દ્વારા પ્રજાહિતલક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે તેમ નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે જણાવ્યું છે.

**ઝેરોક્ષ મશીન જોઈએ છે**

જીયુડીસી લિ. કચેરી ઉદ્યોગભવન, ગાંધીનગર ખાતે ઝેરોક્ષ તથા પ્રિન્ટીંગ કામગીરી માટે અદ્યતન ઝેરોક્ષ મશીન ભાડેથી તેમજ ટેકનિશીયન કમ ઝેરોક્ષ ઓપરેટરની સેવાઓ મુકવા, રસ ધરાવતી ગાંધીનગર સ્થિત એજન્સીઓએ કંપનીનું નિયત ભાવપત્રક **તારીખ ૨૧/૧૨/૨૦૧૬** સુધીમાં કચેરીની વેબસાઇટ **www.gudcltd.com** ઉપરથી ડાઉનલોડ કરી મેળવી લેવા વિનંતી.

**સંપર્ક નં.:** ૨૩૨૪૧૮૬૫ / ૬૬, ૨૩૨૪૬૧૨૭ / ૨૮

CIN No.: U75140GJ1999SGC036051 **વાઈસ પ્રેસીડેન્ટ (સીએ)**














Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com